भारतीय गैर न्यायिक

एक सौ रुपये

रु. 100

Rs. 100

ONE HUNDRED RUPEES

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત ગુજરાત GUJARAT

Z 659649

એ

શ્રી મહાવીર જૈન ચેરીટેબલ ટ્રસ્ટ, વલસાડ.

નું

## ટ્રસ્ટ ડીડ

વિક્રમ સંવત–૨૦૬૯ ના ફાગણ સુદ પાંચમને વાર શનિવાર તા.૧૬ મી માર્ચ, ૨૦૧૩ ના અંગ્રેજી દીને.

(૨)

નકલ માટે અરજી કરનારનું નામ: [illegible]

નકલ અરજી આપ્યા તારીખ: [illegible]

નકલ તૈયાર કર્યા તારીખ: [illegible]

નકલ પુરી પાડયા તા: [illegible]

જેને નકલ આપવામાં આવી હોય તેનું નામ: [illegible]

શૈક્ષણિક, તબીબી વિષયક અને ધર્માદા તેમજ જનકલ્યાણના કાર્યો કરવા માટે ટ્રસ્ટ અંગે દસ્તાવેજ કરનાર શ્રી બાબુલાલ ભીખાલાલ મહેતા – ઉ.વ.આ. ૭૨, ધંધોઃ વેપાર, રહેઃ– શીતલ, અવધૂત સોસાયટી પાસે, તીથલ ક્રોસ રોડ, વલસાડ–૩૯૬ ૦૦૧. જેઓને હવે પછી આ દસ્તાવેજમાં સેટલર તરીકે ઓળખવામાં આવશે. તે પ્રથમ પક્ષના.

(૧) શ્રી ચીમનલાલ મગનલાલ શાહ – ઉ.વ.આ. ૭૩, ધંધોઃ બીલ્ડર્સ, રહેઃ– માતૃકૃપા, ભગીની સમાજ પાછળ, હાલર ક્રોસરોડ, વલસાડ–૩૯૬ ૦૦૧.

(૨) શ્રી બાબુલાલ ભીખાલાલ મહેતા – ઉ.વ.આ. ૭૨, ધંધોઃ વેપાર, રહેઃ– શીતલ, અવધૂત સોસાયટી પાસે, તીથલ ક્રોસ રોડ, વલસાડ–૩૯૬ ૦૦૧.

(૩) શ્રી જશવંતલાલ બાદરમલ વોરા – ઉ.વ.આ.૫૪, ધંધોઃ વેપાર, રહેઃ– ૧૦૧, સુખસાગર એપાર્ટમેન્ટ, મુલ્લાવાડી, વલસાડ–૩૯૬ ૦૦૧.

જેઓને હવે પછી આ દસ્તાવેજમાં ટ્રસ્ટીઓ તરીકે ઓળખવામાં આવશે. તે બીજા પક્ષના.

પ્રથમ પક્ષના સેટલર શ્રી બાબુલાલ ભીખાલાલ મહેતા વૈદ્યકીય, શૈક્ષણિક તેમજ ધર્માદા અને જનકલ્યાણની પ્રવૃત્તિઓમાં ખૂબ જ રસ ધરાવે છે. અને ગરીબ તથા જરૂરિયાતમંદોને મદદરૂપ થવાની ઈચ્છાવૃત્તિ વાળા હોય, તેમની એટલે કે, સેટલરની પોતાની ઈચ્છા એક શૈક્ષણિક, વૈદ્યકીય અને ધર્માદા ટ્રસ્ટ કરવાની હોવાથી આ દસ્તાવેજ કરવામાં આવ્યો છે અને તે માટે સેટલર યાને કે પ્રથમ પક્ષનાએ પોતાની સ્વતંત્ર માલીકીની, કબજા ભોગવટાની રકમ રૂા. ૫૦૦૧/– અંકે રૂપિયા પાંચ હજાર એક પુરા. બીજા પક્ષના એટલે કે ટ્રસ્ટીઓને ટ્રસ્ટના નીચે જણાવ્યા મુજબના હેતુઓ માટે આપ્યા છે. અને તે ઉપરથી પ્રથમ પક્ષના અને તેમના વંશવારસો, એકઝીક્યુટરોએ તમામ માલિકીપણું હકક હિસ્સો વગેરે ઉઠાવી લીધો છે.

બીજા પક્ષના ટ્રસ્ટીઓએ સદર રકમ સ્વીકારી છે અને આ દસ્તાવેજમાં નીચે જણાવ્યા મુજબના નિતિ–નિયમો અને શરતોનો અમલ કરવાની સંમતિ આપી છે.

(૧) ટ્રસ્ટનું નામ :– શ્રી મહાવીર જૈન ચેરીટેબલ ટ્રસ્ટ, વલસાડ. રહેશે.

(૨) ટ્રસ્ટનું સરનામું અને કાર્યાલયું :– આ ટ્રસ્ટનું સરનામું/કાર્યાલય હાલમાં શ્રી મહાવીર જૈન ચેરીટેબલ ટ્રસ્ટ, વલસાડ. C/o. શ્રી ચીમનલાલ મગનલાલ શાહ – ૪૧૦/૪૧૧, અમર ચેમ્બર્સ, સ્ટેશન રોડ, લાલ સ્કુલ સામે, વલસાડ–૩૯૬ ૦૦૧.રહેશે. જે ભવિષ્ય માં માલીકીના મકાનમાં કે જરૂર જણાયે ટ્રસ્ટીઓની અનુકુળતા મુજબ બદલી શકશે. તથા એકથી વધુ જગ્યાએ કાર્યાલય રાખી શકશે.

(૩) કાર્યક્ષેત્ર :– આ ટ્રસ્ટના હેતુને અનુરૂપ કામગીરીનું ક્ષેત્ર સમગ્ર ભારત દેશ રહેશે.

(૪) ટ્રસ્ટના ઉદ્દેશો :– આ ટ્રસ્ટના ઉદ્દેશો ન્યાત, જાત કે ધર્મના ભેદભાવ વગર નીચે મુજબના રહેશે.

૪:૧. વિદ્યાર્થીઓના મુલ્ય વર્ધિત અને સંસ્કાર વર્ધિત શિક્ષણ, અભ્યાસ અને વિકાસ અર્થે શીશુમંદિરો, પ્રાથમિકશાળાઓ, માધ્યમિકશાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, મહાવિદ્યાલયો, વિશ્વ વિદ્યાલયો, ઓદ્યોગિક વિદ્યાલયો, વ્યવસાયલક્ષી મહાવિદ્યાલયો, હુન્નરશાળાઓ, કૃષિ, વ્યાપાર અને વાણિજ્ય વિષયક શાળાઓ તથા મહાવિદ્યાલયો,

વ્યાયામ શાળાઓ વગેરે જેના ધ્વારા શારિરીક, માનસિક તથા આર્થિક વિકાસ થાય તેવા સંસ્થાપનો સ્થાપવા, ચલાવવા તથા તેવી તમામ પ્રકારની અનેકવિધ કેળવણી વિષયક પ્રવૃત્તિઓ સ્થાપવી, ચલાવવી તથા તેવી સમાન હિત ધરાવતી વ્યકિતઓ, સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરેને આર્થિક મદદ આપવી તથા મદદ મેળવવી.

૪:૨. શાળાઓ, મહાવિદ્યાલયો અથવા બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં ભણતાં વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીઓના રહેઠાણની વ્યવસ્થા માટે છાત્રાલયો, ગુરૂકુળો, હોસ્ટેલો, બોર્ડીંગ હાઉસો સ્થાપવા, ચલાવવા તથા સમાન હિત ધરાવતી વ્યકિતઓ, સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરેને આર્થિક મદદ આપવી તથા મદદ મેળવવી.

૪:૩. લાયક અથવા જરૂરિયાતમંદ વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીઓને શિક્ષણ, તાલીમ કે સંશોધન માટે સ્કુલ ફી, કોલેજ ફી, પુસ્તકો, શિષ્યવૃત્તિ, સહાય, લોન આપવી તથા પરદેશમાં અભ્યાસ, સંશોધન અર્થે જવા માટે મદદ કરવી તથા મદદ મેળવવી.

૪:૪. વિદ્યાભ્યાસને લગતી સંશોધન પ્રવૃત્તિઓ કરવી તથા મદદ કરવી અને મદદ મેળવવી.

૪:૫. વિદ્યાર્થીઓના માનસિક વિકાસ અર્થે તથા પ્રૌઢો માટે પુસ્તકાલયો અને વાંચનાલયો સ્થાપવા, ચલાવવા કે નિભાવવા તથા આવા ઉમદા હેતુઓમાં મદદ કરવી અને મદદ મેળવવી.

૪:૬. ટ્રસ્ટના શૈક્ષણિક ઉદ્દેશોને ધ્યાનમાં રાખી ઉત્સાહ વધે એટલા માટે ઈનામો, પારિતોષિકો આપવા તથા અન્ય સંસ્થાઓને આ ટ્રસ્ટના નામે ઈનામો આપવા.

૪:૭. લોકોના ઉત્થાનના હેતુસર વર્ગો, શિબિરો તથા તેના જેવા અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું.

૪:૮. લોકોની આરોગ્ય વિષયક સુખાકારી માટે દવાખાના, હોસ્પીટલો, મેડીકલ કોલેજો, એમ્બ્યુલન્સ સેવા વગેરે ઉભી કરવી અને ચલાવવી. ફરતું દવાખાનું, રોગ નિદાન/ઉપચાર કેન્દ્રો, મેડીકલ કેમ્પોનું આયોજન કરવું. અને તન, મન, ધનથી સહાય/મદદરૂપ બનવું અને સહાય/મદદ મેળવવી.

૪:૯. માનસિક મંદતા, ઓટિઝમ, સેલિબલ પાલ્સી, બહુવિધ અપંગતા ધરાવતી વ્યકિતઓ, રોગીઓ, બીમાર વ્યકિતઓ માટે ઉપચાર, વસવાટ, કેળવણી, શિક્ષણ, રોજગારી, કલ્યાણ, તાલીમ કેન્દ્રો અને સામાજીક સુરક્ષા માટે શકય તેટલી તમામ પ્રકારે મદદ કરશે. તેમજ તેમની આવડત પ્રમાણેના સાધન સામગ્રીની મદદ વડે રોજગારી તથા સેવાકીય પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન આપી શકશે. તેમજ તેમના વિકાસ માટે માહીતી અને માર્ગદર્શન મળી રહે તે અનુસારના પુસ્તકો, પત્રિકાઓ બહાર પાડી શકશે.

૪:૧૦. સામાજીક, આર્થિક, નૈતિક, માનસિક, શારિરીક, આધ્યાત્મિક ઉન્નતિ વગેરેના જરૂરી તમામ કાર્યો કરવાં.

૪:૧૧. કુદરતી કે માનવસર્જીત આપત્તિઓ સમયે પીડીતો, અસરગ્રસ્તો / જરૂરિયાતમંદોને ન્યાત, જાત કે ધર્મના ભેદભાવ સહાય/ મદદ કરવી.

૪:૧૨. સંગીતકલા, ચિત્રકલાશાળા, લલિતકલાઓ, હસ્તકલા, હુન્નરઉદ્યોગ, સિવણવર્ગો, પ્રૌઢ શિક્ષણ વર્ગો, ગ્રામ ઉત્થાન, પછાત ઉત્કર્ષ, મહીલા ઉત્કર્ષ વગેરે વિષયોને ધ્યાનમાં રાખી તેના હેતુપૂર્તિ અર્થે કાર્યક્રમો, કાર્યો કરવા, યોજવા, સહાય મેળવી સહાય કરવી, ટુંકમાં લોકોના સર્વાંગી ઉત્થાનની તમામ પ્રવૃત્તિઓ કરવી, કરાવવી.

ઉપર મુજબના ઉદ્દેશોના અમલીકરણ સમયે જૈનોના હિતોને અને ઉત્કર્ષને

પ્રાધાન્ય / અગ્રીમતા આપવામાં આવશે.

(૫) <u>ટ્રસ્ટીઓની સંખ્યા અને મુદત</u> :– આ ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ત્રણ(૩) અને વધુમાં વધુ એકાવન (૫૧) ની રહેશે. હાલમાં ત્રણ ટ્રસ્ટીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. જે ટ્રસ્ટીઓ આજીવન રહેશે. ભવિષ્યમાં જરૂર જણાયે બાકીના ટ્રસ્ટીઓની જગ્યા જે તે સમયના હયાત આજીવન ટ્રસ્ટીઓ લાયક તથા ટ્રસ્ટની શૈક્ષણિક, વૈદકીય અને જનકલ્યાણની પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા તેમજ સંસ્થા માટે સમય અને નાણાંની મદદ કરવાની ભાવનાવાળા પુષ્પવયના જૈન ભાઈ બહેનને જે તે સમયે ટ્રસ્ટીમંડળ નક્કી કરે તે મુજબ ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓ બનાવી/ નિમણૂંક કરીને પુરી શકશે. જે ટ્રસ્ટીઓ પણ આજીવન રહેશે.

(૬) <u>ટ્રસ્ટીઓની ખાલી પડતી જગ્યા પુરવા બાબત</u> :– આ દસ્તાવેજ હેઠળ નિમાયેલ અને હવે પછી નિમાનાર ટ્રસ્ટીઓ પૈકી કોઈપણ ટ્રસ્ટીની રાજીનામાથી, અવસાનથી કે અન્ય કોઈપણ કારણોસર જગ્યા ખાલી પડે તો તે ખાલી પડેલી જગ્યા ઉપર બાકી રહેલા આજીવન ટ્રસ્ટીઓ લાયક અને ટ્રસ્ટમાં રસ ધરાવનાર વ્યક્તિની ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરશે. ખાલી પડેલ જગ્યા ઉપર નિમાયેલ ટ્રસ્ટી આજીવન રહેશે.

(૭) <u>હોદ્દેદારો</u> :– ટ્રસ્ટીમંડળ પોતાનામાંથી એક પ્રમુખ, તથા ઓછામાં ઓછા એક ઉપપ્રમુખ, એક મંત્રી, એક સહમંત્રી અને એક ખજાનચીની નિમણૂંક કરશે. જેની મુદત ત્રણ વર્ષની રહેશે. દર ત્રણ વર્ષે ટ્રસ્ટીમંડળની મીટીંગમાં હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવશે. કોઈપણ ટ્રસ્ટી સતત છ વર્ષથી વધુ સમય માટે હોદ્દેદાર તરીકે રહી શકશે નહીં. તેમછતાં ટ્રસ્ટીમંડળની સર્વાનુમતીથી હોદ્દેદારોની મુદતમાં વધારો કરી શકાશે.

મુદત દરમ્યાન કોઈ પણ હોદ્દેદારની રાજીનામાથી, અવસાનથી કે અન્ય કોઈપણ કારણોસર જગ્યા ખાલી પડે તો તેવા હોદ્દેદારની જગ્યા બાકીની મુદત માટે બાકી રહેલા ટ્રસ્ટીઓ પોતાનામાંથી બહુમતીથી પુરશે.

(૮) <u>પ્રમુખની સત્તા અને ફરજો</u> :– ૮:૧. ટ્રસ્ટની મીટીંગો બોલાવવા મંત્રીને સુચના આપશે અને પોતે પણ મીટીંગ બોલાવી શકશે.

૮:૨. ટ્રસ્ટની તમામ સભાઓનું પ્રમુખસ્થાન તથા સભાઓનું કામકાજ સંભાળશે. અને કાયદેસરના વહીવટકર્તા ગણાશે.

૮:૩. સંસ્થાના રોજબરોજના વહીવટ અને પ્રવૃત્તિઓ ઉપર દેખરેખ રાખશે તથા અન્ય હોદ્દેદારોને કે ટ્રસ્ટીઓને, કર્મચારીઓને વહીવટ સંબંધી સલાહ સુચનો, સુચનાઓ અને માર્ગદર્શન આપી શકશે.

૮:૪. સંસ્થા વતી નાણાંકીય વ્યવહાર, દસ્તાવેજો, કરારો વગેરે ઉપર સહી કરી શકશે.

૮:૫. સંસ્થાની કોઈ પણ સભામાં કોઈ કામ કે ઠરાવ માટે સરખા મત પડે ત્યારે પ્રમુખ એક વધુ મત આપી શકશે.

૮:૬. મંત્રીની ગેરહાજરીમાં એજન્ડા, સરક્યુલર કે ઠરાવબુકમાં સહી કરશે.

(૫)

૮.૭. ટ્રસ્ટ કે ટ્રસ્ટના નેજા હેઠળ ચાલતી સંસ્થાના કામો ઉપર દેખરેખ રાખશે.
૮.૮. આગલી સભામાં થયેલ કામકાજની નોંધ ચાલુ સભામાં વંચાવશે અને તે મંજૂર થયેથી તેના ઉપર સહી કરશે.
૮.૯. ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે દરેક જગ્યાએ ફરજ બજાવશે અને ટ્રસ્ટનું કાર્ય ટ્રસ્ટના ઉદ્દેશો અનુસાર ચલાવશે.
૮.૧૦. ટ્રસ્ટના કોઈપણ દફતરોમાંથી ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓને ઉતારો કરી, ખરી નકલની સહી કરી આપશે.
૮.૧૧. ટ્રસ્ટના વિકાસ માટે જણાવવાના રહી ગયેલા હોય તેવા તમામ પ્રકારના કામો કરશે અને કરાવશે.

(૯) **ઉપપ્રમુખની સત્તા અને ફરજો** :– ૯.૧. પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખ પ્રમુખ તરીકેની તમામ સત્તા અને ફરજો નિભાવશે.
૯.૨. પ્રમુખ અને મંત્રી સંસ્થાને લગતી જે કામગીરી સોંપે તે કરવી.
૯.૩. ટ્રસ્ટની પ્રવૃત્તિઓના વિકાસ માટે મદદ કરશે.

(૧૦) **મંત્રીની સત્તા અને ફરજો** :– ૧૦.૧. પ્રમુખની સુચના મુજબ ટ્રસ્ટની તમામ સભાઓ બોલાવવા માટે એજન્ડા કે સરક્યુલર તેમની સહીથી કાઢશે અને તેની દરેક ટ્રસ્ટીઓને નિયત સમયમાં જાણ કરશે.
૧૦.૨. સંસ્થાની દરેક સભાની કાર્યવાહીની વિગતવાર અહેવાલ નોંધ ઠરાવબુકમાં કરવી અને હાજર રહેતા ટ્રસ્ટીઓની સહીઓ કરાવવી.
૧૦.૩. ટ્રસ્ટના વહીવટ અને કામકાજ માટે સંસ્થા વતી પત્રવ્યવહાર તેમજ નાણાંકીય વ્યવહારમાં સહી કરી શકશે.
૧૦.૪. ટ્રસ્ટનું વાર્ષિક નિવેદન, હિસાબ અને અહેવાલ તૈયાર કરી, ટ્રસ્ટીમંડળની સભા સમક્ષ રજૂ કરવું.
૧૦.૫. ટ્રસ્ટના આગામી વર્ષ માટે આવક ખર્ચને લગતું અંદાજપત્ર ખજાનચી સાથે રહીને તૈયાર કરી ટ્રસ્ટીમંડળની સભામાં મુકવું.
૧૦.૬. ટ્રસ્ટના ખર્ચ માટે બજેટ પ્રમાણે આવેલ ખર્ચના બીલો મંજૂર કરી, પ્રમુખશ્રીની બહાલી મેળવવી.
૧૦.૭. ટ્રસ્ટના દરેક દફતરોની જાળવણી કરવી અને તે તમના દેખરેખ હેઠળ રાખવા તેમજ આ દફતરોમાંથી કોઈ ટ્રસ્ટીને ટ્રસ્ટના હીત માટે ઉતારાની જરૂર પડે ત્યારે તેવા ઉતારા કરી ખરી નકલ કરી સહી કરી આપી શકશે.
૧૦.૮. દર વર્ષે ટ્રસ્ટની સ્થાવર જંગમ મિલકતો, કિંમતી વસ્તુઓની જાત તપાસ કરી સહી કરશે.
૧૦.૯. પ્રમુખની સુચના અને માર્ગદર્શન મુજબ ટ્રસ્ટના દરેક પ્રકારના કાર્યો કરવા.

(૧૧) **સહમંત્રીની સત્તા અને ફરજો** :– ૧૧.૧. મંત્રીની ગેરહાજરીમાં સહમંત્રી મંત્રી તરીકેની તમામ સત્તા અને ફરજો નિભાવશે.
૧૧.૨. પ્રમુખ અને મંત્રી સંસ્થાને લગતી જે કામગીરી સોંપે તે કરવી.
૧૧.૩. ટ્રસ્ટની પ્રવૃત્તિઓના વિકાસ માટે મદદ કરશે.



જાહેર ટ્રસ્ટ ... [illegible]
[illegible]

(૧૨) **ખજાનચીની સત્તા અને ફરજો** :– ૧૨:૧. રોજમેળ, ખાતાવહી, વાઉચરો, રસીદો ઉપર સહી કરશે, આવક– જાવકના હિસાબો નિભાવશે અને હિસાબી વર્ષ પુરૂં થયેથી ઓડીટ અંગેની કાર્યવાહી કરશે.

૧૨:૨. ટ્રસ્ટીમંડળની જે તે સભામાં હિસાબો મંજુરી માટે મુકશે.

૧૨:૩. જે તે વખતનું ટ્રસ્ટીમંડળ, પ્રમુખ, મંત્રી નક્કી કરે સૂચવે તે મુજબની નાણાંકીય લેવડ દેવડ, ખર્ચ કરી શકશે અને તેવી રકમ હાથ ઉપર રાખી શકશે. જ્યારે બાકીની વધારાની રકમ ટ્રસ્ટના બેંક ખાતામાં જમા કરાવવાના રહેશે.

૧૨:૪. ટ્રસ્ટના આગામી વર્ષ માટે આવક ખર્ચને લગતું અંદાજપત્ર મંત્રી સાથે રહીને તૈયાર કરી ટ્રસ્ટીમંડળની સભામાં મુકવું.

૧૨:૫. ટ્રસ્ટના વિકાસ માટે પ્રમુખ કે મંત્રી ટ્રસ્ટને લગતી સોંપે તે કામગીરી કરવી.

(૧૩) **ટ્રસ્ટીપદ માટે લાયકાત** :– ૧૩:૧. ટ્રસ્ટનું કે તેને સંલગ્ન કોઈપણ સંસ્થાનું લેણું બાકી ન હોવું જોઈએ.

૧૩:૨. ભારતીય દંડ સંહીતા કે અન્ય કાયદાનુસાર કોઈપણ પ્રકારની સજા કે દંડ થયેલ હોવો ન જોઈએ.

૧૩:૩. ભારતીય નાગરીક અને ભારતમાં કાયમી વસવાટ કરતો હોવો જોઈએ.

૧૩:૪. લાયક અને ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં રસ ધરાવનાર વ્યક્તિ હોવી જોઈએ.

(૧૪) **ટ્રસ્ટીપદ રદ થવા અંગે** :– નીચે મુજબના કારણોસર ટ્રસ્ટીપદ રદ થયેલું ગણાશે.

૧૪:૧. અવસાન થવાથી.

૧૪:૨. સ્વૈચ્છિક રાજીનામું આપવાથી.

૧૪:૩. ટ્રસ્ટના હિત, વિકાસ અને ઉદ્દેશો વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરતાં દૂર કરવાથી.

૧૪:૪. કાયદાકીય રીતે ગુનેગાર થવાથી કે નાદાર જાહેર થવાથી.

૧૪:૫. મે. ચેરીટી કમિશ્નરશ્રીની પરવાનગી વગેરે સતત છ માસથી વધુ સમય માટે પરદેશ જાય તો.

૧૪:૬. અન્ય કોઈપણ રીતે ટ્રસ્ટી તરીકે કાર્ય/ ફરજ બજાવવા અસમર્થ થવાથી.

(૧૫) **ટ્રસ્ટીમંડળની સત્તા અને ફરજો** :– ૧૫:૧. સંસ્થાના સંચાલન સંબંધી તમામ કાર્યવાહી ટ્રસ્ટીમંડળની સભામાં હાથ ધરવામાં આવશે અને તમામ કાર્યવાહી આ દસ્તાવેજમાં કોઈ જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યાં બહુમતીથી મંજુર થયેલ ગણાશે.

૧૫:૨. આ ટ્રસ્ટડીડની જોગવાઈઓ મુજબ ટ્રસ્ટીઓ / હોદ્દેદારોની નિમણુંક કરવા બાબતની કાર્યવાહી કરશે.

૧૫:૩. ટ્રસ્ટના હેતુઓની પરિપુર્તિ માટે જરૂર જણાય તેટલા, યોગ્ય લાગે તેવી શરતે પગારદાર કે માનદ કર્મચારીઓની નિમણુંક કરવી, તેઓના પગાર કે મહેનતાણાં નક્કી કરવાં, તેમાં વધારો–ઘટાડો કરવો કે છુટા કરવાની કાર્યવાહી કરવી.

૧૫:૪. ટ્રસ્ટીમંડળને જ્યારે જરૂર જણાય ત્યારે જે તે કામકાજ પુરતી ટ્રસ્ટીમંડળ સમિતિ કે પેટા સમિતિ બનાવશે અને તેના માટે જરૂર જણાય તેવા નિયમો બનાવશે.

૧૫:૫. ટ્રસ્ટ માટે જ્યારે જરૂર જણાય ત્યારે કાયદાના સલાહકાર, ઓડીટર કે નિષ્ણાંત વ્યક્તિની નિમણુંક કરવાની મંજુરી આપશે અને મહેનતાણું કે ફી નક્કી કરી શકશે.

(૭)

૧૫:૬. ટ્રસ્ટ કે સંલગ્ન સંસ્થાના હિત અને વિકાસ માટે પ્રવતમાન કાયદાઓને આધીન જરૂર પડયે નિયમો ઘડશે, રદ કરશે કે તેમાં ફેરફાર કરી નવેસરથી તૈયાર કરવાની કાર્યવાહી કરશે.

૧૫:૭. જે તે સમયના ટ્રસ્ટોને લાગુ પડતા કાયદા/ નિયમોને આધીન રહીને ટ્રસ્ટના હિત અને વિકાસ માટે કોઈપણ સ્થાવર– જંગમ મિલકતો, શેર, સ્ટોક, રોકાણ વગેરે ખરીદી શકશે, વેચી શકશે, અદલાબદલો કરી શકશે, ભાડે કે બક્ષીસ આપી શકશે, ગીરો મુકી શકશે તેમજ કાયદેસર ટ્રાન્સફર કરી શકશે.

૧૫:૮. જે તે સમયના ટ્રસ્ટ તથતા આવકવેરા ધારાને આધીન રહીને નાણાંનું રોકાણ કરી શકશે અને તેમ કરવા માટે કોઈપણ એક અથાવ વધારે ટ્રસ્ટીઓને સત્તા આપી શકશે.

૧૫:૯. ટ્રસ્ટના ઉધ્દેશોની સિધ્ધિ માટે બેંક, વીમા કંપની, કોર્પોરેશન, નાણાંનિગમ, સરકાર કે અર્ધસરકારી સંસ્થાઓ, ખાનગી વ્યકિતઓ પાસેથી ટ્રસ્ટના નામે ટ્રસ્ટની સ્થાવર – જંગમ મિલકતો ગીરો મુકીને અથવા ગીરો મુકયા વગર વ્યાજે અથવા વગર વ્યાજે લોન લઈ શકાશે. આ અંગે પ્રવર્તમાન કાયદાઓને અનુસરવામાં આવશે.

૧૫:૧૦. ટ્રસ્ટના ઉધ્દેશો પાર પાડવા કાયદાની મર્યાદામાં રહીને તમામ પ્રકારના કામો કરશે.

૧૫:૧૧. ટ્રસ્ટ કે ટ્રસ્ટના નેજા હેઠળ ચાલતી સંસ્થાની મુલાકાત લઈ શકશે અને જરૂરી તથા યોગ્ય સલાહ સુચનો આપી શકશે.

૧૫:૧૨. ટ્રસ્ટના વહીવટ અને સંચાલન માટે ટ્રસ્ટીઓ/ હોધ્દેદારોએ હાથ ઉપર રાખવાની સિલકની મર્યાદા નકકી કરી શકશે અને નકકી કરેલ રકમ સુધીનો ખર્ચ કરી શકશે.

૧૫:૧૩. આ ટ્રસ્ટ જેવા સમાન-હેતુઓ બીજા ટ્રસ્ટો સાથે સહયોગ મેળવી/ કરી શકશે. અને તેવા ટ્રસ્ટો, સંસ્થાઓનો સાથે જોડાણ કરી શકશે.

૧૫:૧૫ કોઈપણ ટ્રસ્ટી કે હોધ્દેદાર ટ્રસ્ટ વિરૂધ્ધ કાર્યો કરતો માલુમ પડશે તેમજ કોઈપણ ટ્રસ્ટી સતત ત્રણ સભામાં ગેરહાજર રહેશે તો તેવા ટ્રસ્ટીને છુટા/ રદબાતલ કરી શકશે.

(૧૬) <u>ટ્રસ્ટીમંડળની મિટીંગ</u> :– ટ્રસ્ટીમંડળની મિટીંગ ટ્રસ્ટના કામકાજ માટે જયારે જરૂર જણાય ત્યારે અને વર્ષમાં ઓછામાં ઓછી ચાર વખત ટ્રસ્ટના કાર્યાલયમાં બોલાવવાની રહેશે. પરંતુ ટ્રસ્ટીઓની અનુકૂળતા પ્રમાણે કાર્યાલય સિવાય અન્ય સ્થળે સભા બોલાવી શકાશે.

(૧૭) <u>મિટીંગની નોટીસ</u> :– ટ્રસ્ટીમંડળની તેમજ અન્ય સમિતિની મિટીંગની નોટીસ, એજન્ડા કે સરકયુલર દરેક ટ્રસ્ટીને સાત દિવસ પહેલાં ટપાલથી, રૂબરૂ કે સરકયુલર થી અથવા જે તે વખતે ટ્રસ્ટી મંડળ નકકી કરે તે પ્રમાણે મોકલવાની રહેશે.

(૧૮) <u>કોરમ</u> :– ટ્રસ્ટીમંડળની તેમજ અન્ય સમિતિની મિટીંગનું કોરમ જે તે સમયની ટ્રસ્ટીઓની સંખ્યાના ૧/૩ ટ્રસ્ટીઓની હાજરીથી થયેલું ગણાશે. કોરમના અભાવે મુલતવી રહેલી મિટીંગ અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે. પરંતુ નોટીસ / એજન્ડામાં જણાવેલ મુધ્દા સિવાયની કામગીરી કરી શકાશે નહીં.

(૮)

(૧૯) <u>સરક્યુલર (પરિપત્ર)</u> :– અગત્યના અને તાકીદના કામકાજ માટે દરેક ટ્રસ્ટીઓને રૂબરૂ સરક્યુલર (પરિપત્ર) ફેરવી નિર્ણય / ઠરાવ કરી શકાશે. જે ત્યારપછીની સભામાં વંચાણે મૂકી, બહાલી કે મંજુરી મેળવવાની રહેશે.

(૨૦) <u>રેક્વીઝીશન મીટીંગ</u> :– જે તે સમયના ટ્રસ્ટીઓ પૈકી અડધા ટ્રસ્ટીઓ તરફથી ટ્રસ્ટની ખાસ બેઠક બોલાવવા માટે લેખિત રેક્વીઝીશન પ્રમુખને મળે ત્યારે પ્રમુખ તેવી મીટીંગ આઠ દિવસની સુચના આપ્યાથી બોલાવવાની રહેશે.

આ પ્રમાણે રેક્વીઝીશન પ્રમુખને મળ્યા બાદ બે અઠવાડીયામાં પ્રમુખ આવી સભા બોલાવે નહી તો રેક્વીઝીશન કરનારાઓ બહુમતીથી નિયમાનુસાર જાતે આવી મીટીંગ બોલાવી શકશે.

(૨૧) <u>ટ્રસ્ટની આવકના સાધનો</u> :– સ્થાવર–જંગમ મિલ્કતોના દાન, ભેટ, બક્ષીસ, સરકારશ્રી કે અર્ધસરકારશ્રીની સહાય, ગ્રાન્ટ, ચેરીટી શો કે સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરીને, ટ્રસ્ટના હેતુ મુજબની પ્રવૃત્તિથી, વિદેશથી દાન, ફંડ, ફાળો મેળવીને વગેરે.

(૨૨) <u>ઠરાવ બુક</u>:– ૨૨.૧. ટ્રસ્ટીમંડળની સભાની એક ઠરાવબુક રાખવાની રહેશે અને તેમાં દરેક મિટીંગમાં થયેલ કાર્યવાહી અંગેની વિગતવાર ચોખ્ખી નોંધ લખવાની રહેશે.

૨૨.૨. ઠરાવબુક ત્યારપછીની સભામાં વાંચી સંભળાવવામાં આવશે અને તે કબુલ રાખ્યેથી તે ઉપર તે સભાના પ્રમુખ સહી કરશે.

૨૨.૩. મીનીટબુક કબુલ રાખવા બદલ હાજર ટ્રસ્ટીઓમાં મતભેદ થાય તો સભામાં હાજર રહેલા ટ્રસ્ટીઓની બહુમતીના કહેવા પ્રમાણે યોગ્ય નોંધ કરવામાં આવશે.

(૨૩) <u>હિસાબી વર્ષ</u> :– ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી ૩૧મી માર્ચનું રહેશે. અથવા સરકારશ્રી વખતોવખત નિયમો / ટ્રસ્ટીઓ ઠરાવે તે મુજબ રહેશે.

(૨૪) <u>બેન્ક એકાઉન્ટસ</u> તથા <u>નાણાંકીય વ્યવહારો અંગે</u> :– આ ટ્રસ્ટના નાણાં ટ્રસ્ટના નામે કોઈપણ રાષ્ટ્રિયકૃત બેન્ક અગર કાયદા હેઠળ માન્ય થયેલ સહકારી બેન્ક કે પોસ્ટ ઓફિસમાં રાખવામાં આવશે અને તેવા ખાતામાં નાણાંકીય લેવડ દેવડ પ્રમુખ, મંત્રી તથા ખજાનચી પૈકી કોઈપણ બે ની સંયુક્ત સહીથી કરવામાં આવશે. અથવા જે તે વખતનું ટ્રસ્ટીમંડળ નક્કી કરે/ઠરાવે તે પ્રમાણેની સહીથી કરવાની રહેશે.

(૨૫) <u>ટ્રસ્ટની મિલકતો અંગે</u> :– આ ટ્રસ્ટને રોકડ કે સ્થાવર–જંગમ મિલકતના રૂપમાં જે કાંઈ મળશે તે તમામ ટ્રસ્ટની મિલકત ગણાશે. તેમાં અંગત રીતે ટ્રસ્ટીઓનો કોઈ હક હિસ્સો રહેશે નહી. ટ્રસ્ટની માલીકીની સ્થાવર મિલકત વેચાણ, ગીરો, બક્ષીસ કે અદલા બદલી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા સમયે અમલમાં હોય તેવા કાયદા / નિયમોને આધીન ટ્રસ્ટીઓ તેમ કરી શકશે.

(૨૬) <u>ટ્રસ્ટના લેખમાં ફેરફાર કરવા અંગે</u> :– ટ્રસ્ટના આ લેખ યાને ટ્રસ્ટડીડમાં જ્યારે ફેરફાર કે સુધારો–વધારો કરવાની ટ્રસ્ટીઓને જરૂર લાગે ત્યારે ટ્રસ્ટીમંડળ જે તે વખતના કાયદા / નિયમોને આધીન રહી ૨/૩ બહુમતીથી કે સર્વાનુમતે અથવા સેટલર તેમની હયાતી સુધી તેમ કરી શકશે.

(૨૭) <u>**જનરલ**</u> :– આ ટ્રસ્ટના હેતુઓ પાર પાડવા ટ્રસ્ટીમંડળને જે કાંઈ કરવું પડે તે/ તેવી તમામ ફરજો અને કામગીરી બજાવશે, નિયમો કે પેટાનિયમો ઘડી શકશે તેમાં સુધારો વધારો કરી શકશે અને ટ્રસ્ટીમંડળને જયારે જરૂર જણાય ત્યારે જે તે કામગીરી માટે પેટા સમિતિ નીમી શકશે. જે ટ્રસ્ટીમંડળની દેખરેખ હેઠળ કામગીરી કરશે અને કામગીરી પૂર્ણ થતાં આવી સમિતિ આપોઆપ બરખાસ્ત થયેલી ગણાશે. તેમજ જયારે જરૂર જણાય ત્યારે એડવોકેટ કે લીગલ એડવાઈઝરની કરી મહેનતાણું/ ફી ચુકવી શકશે. સ્થાવર– જંગમ મિલ્કતોની વ્યવસ્થા વહીવટ કરી શકશે.

(૨૮) **અર્થઘટન** :– આ ટ્રસ્ટડીડની કોઈ જોગવાઈઓ કે કલમો કે પેટાનિયમો, કે શબ્દોના અર્થઘટન બાબતે વિસંગતતા, વિસંવાદિતા કે ગેરસમજ ઉભી થાય ત્યારે ત્યારે સમગ્ર ટ્રસ્ટીમંડળ બહુમતીએ જે નિર્ણય કરે તે સર્વમાન્ય ગણાશે.

(૨૯) <u>**ટ્રસ્ટના વિસર્જન અંગે**</u> :– ટ્રસ્ટીઓ નિષ્ઠાપૂર્વક, શ્રમ ઉઠાવી આ ટ્રસ્ટનું સંચાલન કરી ટ્રસ્ટના હેતુ અને ઉદ્દેશો ફળીભુત કરવા પોતાની શકિત તથા સમય આપશે અને ટ્રસ્ટ તથા તેની પ્રવૃત્તિઓ અવિરત ચાલતી રહે તે માટે હરહંમેશ પ્રયત્નશીલ રહેશે, પરંતુ પોતાના અંકુશ બહારના સંજોગો અનુસાર ટ્રસ્ટનું વિસર્જન કરવાનું અનિવાર્ય બની જાય તો ટ્રસ્ટીઓ બહુમતીથી ટ્રસ્ટની તમામ સ્થાવર–જંગમ મિલ્કતોનો તથા નિધિની જે તે સમયે અમલમાં હોય તેવા ટ્રસ્ટના કાયદા અનુસાર યોગ્ય વ્યવસ્થા અથવા નિકાલ કરી ટ્રસ્ટનું વિસર્જન કરી શકશે.

આ દસ્તાવેજ પાને ટ્રસ્ટડીડ અમોએ વાંચી, સમજી, વિચારીને, સભાન અવસ્થામાં અક્કલ હોંશીયારીથી કોઈપણ જાતના દાબદબાણ વગર બિનકેફીયતથી કરેલ છે. જે અમોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે.................................મતુ

( બાબુલાલ ભીખાલાલ મહેતા )
સેટલર તે પ્રથમ પક્ષના

તત્રે.................................શાખ.

સાક્ષી

ટ્રસ્ટીઓ તે બીજા પક્ષના

(૧) ______________

( ચીમનલાલ મગનલાલ શાહ )

(૨) ______________

( બાબુલાલ ભીખાલાલ મહેતા )

(૩) ______________

( જશવંતલાલ બાદરમલ વોરા )

સાક્ષી

નકલ કરનાર–

મુકાબલા કરનાર–

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે આ ખરી નકલ છે

અધિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
વલસાડ પ્રદેશ, વલસાડ